
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડિયર... હેપ્પી વુમન્સ ડે...!!

# પોલીસ કોન્સ્ટેબલ અને તલાટીની ભરતી કરવા સરકાર ક્યારે આળશ ખંખેરશે

ગાંધીનગર, તા. ૭

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ઘણા સમયથી વિવિધ ભરતીઓને લઈ વિભાગોમાંથી માંગણા પત્રકો મંગાવવામાં આવ્યો છે તેમ છતા સરકાર ભરતીની જાહેરાતો માટેની ફાઈલો પર કેમ કોઈ નજર નાખવા તૈયાર નથી. રાજ્ય પોલીસતંત્ર અને મહેસુલ તંત્રમાં ખાલી જગ્યાઓ ભરવા માટે માંગણા પત્રકો સરકારે મંગાવી લીધા છે. વિવિધ ભરતી બોર્ડે તૈયારીઓ પણ કરી નાખી છે તેમ છતાં આળશુ સરકારનું આ તંત્ર જાહેરાત કરવામાં કેમ વિલંબ કરી રહી છે. શુ સરકાર આ ભરતી કરવા પોતાના કોઈ પાસાઓની ગોઠવણી કરી રહી છે કે શુ ?

ગત મે ૨૦૧૭ બાદ વારંવાર પોલીસ કોન્સ્ટેબલ અને રેવન્યુ તલાટીની ભરતી માટે અનેક પરીપત્રો અને બેઠકો યોજવામાં આવી છે તેમ છતા હજુ સુધી સરકાર ભરતી કરવાના મૂડમાં નથી છેલ્લા એક વર્ષથી યુવાનો આ બન્ને ભરતીને લઈ રાહ જોઈ રહ્યા છે પરંતુ સરકાર તરફથી કોઈ જાહેરાત ન થતા યુવાનો શુ કરે તે ચિંતાનો વિષય છે.

સરકારનું આ આળશુ તંત્ર સત્વરે ભરતીની જાહેરાત કરે અને નોકરી મેળવવા તૈયાર યુવાનોની સામે જોવે તો સારૂ થાય.




બંધ હાલતમાં જાહેર શૌચાલય : શહેરમાં વખતો વખત જાહેર શૌચાલય બંધ હોવાની ફરિયાદો ઉઠતી જ હોય છે. આમ છતાં માત્રામાં કોઈ જ ફરક પડતો નથી. નાગરિકોના મનમાં સવાલ ઉઠે છે.. કે જો જાહેર શૌચાલયો બંધ જ રહેવાના હોય તો નિર્માણ માટે ખર્ચા શા માટે કરાયા ? મરામત અને જાળવણીના અભાવે કેટલીયે ઈમારતો ખંડેર બનવા જઈ રહી છે. આસપાસની ફેન્સિંગના કારણે કેટલીક અસામાજિક પ્રવૃત્તિઓ પણ વિકસતી જાય છે. તંત્રને જાગૃત બનવા અપીલ છે.

# માત્ર વિશ્વ મહિલા દિનની ઉજવણીથી નહી ચાલે

ગાંધીનગર, તા. ૭

૮મી માર્ચ એટલે વિશ્વ મહિલા દિન. વિશ્વભરમાં તેની ઉજવણી કરવામાં આવે છે. દુનિયાભરમાં મહિલાઓને લઈ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. મહિલાઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. પરંતુ એક દિવસ છોડી વર્ષના ૩૬૪ દિવસ મહિલાઓ માટે કોઈ કાર્યક્રમ થતા નથી. કહેવાતા વિશ્વ મહિલા દિનની ઉજવણીથી મહિલાઓની પરેશાની કે મુશ્કેલીઓ કે તકલીફ ક્યારેય પૂર્ણ થવાની નથી. આજે વિશ્વ મહિલા દિને જ મહિલાઓના જન્મના જે ભારત સહિત ગુજરાતમાં જે આંકડા સામે આવ્યા છે તે સમાજ અને દેશ માટે ઘણા ચિંતાજનક છે. બસ વિશ્વ મહિલા દિનની ઉજવણીથી આ સમસ્યા ક્યારેય મટી નથી જવાની એ એક નગ્ન સત્ય છે.

**સમયસર**

ભારત સહિત ગુજરાતમાં મહિલા જન્મ પ્રમાણ ખુબજ આંચકો અપાવે તેવુ છે.

ભારત સહિત રાજ્યમાં મહિલા જન્મ પ્રમાણને લઈ સરકાર દ્વારા અને અનેક સામાજિક સંસ્થાઓ દ્વારા અનેક કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. 'બેટી બચાવો બેટી પઢાવો, મહિલા લક્ષ્મી યોજના, કન્યા કેળવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો થાય છે. પરંતુ જ્યારે આઠ માર્ચે સ્ત્રી જન્મ પ્રમાણના આંકડા જાહેર થાય છે ત્યારે આ બધા કાર્યક્રમો નિષ્ફળ સાબિત થાય છે.

સરકાર સ્ત્રી જન્મ પ્રમાણને લઈ મોટી મોટી વાતો કરે છે પરંતુ ગત વર્ષના આંકડાની સામે સ્ત્રીજાતિ પ્રમાણ ચાલુ વર્ષે રીતસરનો ઘટવા પામ્યો છે. ચાલુ વર્ષે સ્ત્રી જાતિ પ્રમાણમાં ૧૦૦૦ પુરૂષની સામે માત્ર ૭૯૪ જ મહિલાઓનો જન્મ થવા પામ્યો છે.

સરકારના વિવિધ કાર્યક્રમો અને અભિયાનો યોજવામાં આવી રહ્યા છે તેમ છતાં આંકડો વધવાની જગ્યાએ ઘટવા પામ્યો છે. સરકારની આ સફળતા નથી પરંતુ નિષ્ફળતા છતી થઈ છે. સરકાર બસ આઠમી માર્ચની ઉજવણી બંધ કરી વારંવાર મહિલાઓ સામે ઉભા થતા ગંભીર પ્રશ્નોનું નિરાકરણ લાવે તેની તાતી જરૂરીયાત છે.

સરકાર સ્ત્રી જાતિ પ્રમાણ વધારવા બેટી બચાવો બેટી પઢાવો અભિયાન ચલાવી રહી છે. ત્યારે આ યોજનાથી શુ ફાયદો થયો છે ? શુ સ્ત્રીઓનું જન્મનું પ્રમાણ વધ્યુ છે, તેના આંકડા સરકારે રજૂ કરવા જોઈએ જેથી યોજનાના અમલીકરણની ખબર પડે છે.

૮મી માર્ચ વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવા સરકાર અનેક કાર્યક્રમો યોજે છે. ગુજરાત સરકાર પણ અનેક કાર્યક્રમો યોજે છે. ત્યારે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સ્ત્રી જન્મ પ્રમાણમાં જે આંકડો બહાર આવ્યો છે તે શિક્ષિત અને સદ્ધર કહેવાતા ગાંધીનગર માટે આંચકારૂપ છે. ગાંધીનગર પાટનગરમાં જ્યાંથી આખા રાજ્યનું તંત્ર ચાલી રહ્યુ છે, જ્યાંથી વિવિધ સ્ત્રીલક્ષી કાર્યક્રમો માટે યોજવાના આદેશ અને સૂચનાઓ આપવામાં આવે છે. તે પાટનગરમાં જ નીચો સ્ત્રીજન્મદરનો આંકડો સરમમાં મુકી દે તેવો છે.

સરકાર અને સામાજિક સંસ્થાઓ જે ફક્ત ૮મી માર્ચે જ કહેવાતી વિશ્વ મહિલા દિનની ઉજવણી બંધ કરી બારે મહિના આ નીચા સ્ત્રી જન્મ પ્રમાણના દરને ઉપર લાવવા ગંભીર બની કાર્ય કરે તો કદાચ આ આંકડો ઉપર આવી શકે તેમ છે. બસ સરકાર યોજનાઓ બતાવી વાહ-વાહી કરવાને બદલે તેનુ કેટલુ અમલીકરણ થયુ છે તેની ઉપર વિચાર કરે. તો જ સમાજમાં સ્ત્રી જન્મનું પ્રમાણ ઉપર આવી શકે તેમ છે. બીજી તરફ શિક્ષિત સમાજ પણ ક્યાંય ને ક્યાંક આ નીચા સ્ત્રી જન્મદર ના વધતા જતા આંકડા માટે જવાબદાર બન્યા છે તે સમાજે પણ આ પરિસ્થિતિને લઈ કાર્યક્રમોને બદલે કાર્યો કરવાની જરૂર છે.

# વધુ ૨૧૪ સીસીટીવી કેમેરા શહેરને બનાવશે 'સેઈફ એન્ડ સિકયોર'

## 'સાસગુંજ' પ્રોજેક્ટ અંતર્ગત ૨૬ લોકેશન્સ પર સીસીટીવી કેમેરા લગાડવા ભલામણ

ગાંધીનગર શહેર હજુ વધુ 'સેઈફ એન્ડ સિકયોર' બનાવવા પોલિસતંત્ર એ કમર કસી છે. આગામી દિવસોમાં શહેરના વિવિધ ૨૬ જેટલાં નવ લોકેશન્સ પર ૨૧ સીસીટીવી કેમેરા લગાડાશે. આ તમામ કેમેરાનું મોનીટરીંગ સેલ દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવશે. જેથી શહેરમાં ગુનાખોરી પર વધુ અંકુશ લાદી શકાશે.

ગુજરાતના પાટનગરનો વડાપ્રધાનના મહત્વકાંક્ષી યોજના 'સ્માર્ટ સીટી'માં સમાવેશ કરાયો છે. સ્માર્ટ સીટી પ્રોજેકટ અન્વયે શહેરના મુખ્ય સર્કલો સહિત અનેક જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરાં મુકવામાં આવ્યા છે. આમ છતાં શહેરના અનેક ભાગો એવા હતા જયાં સીસીટીવી કેમેરાની જરૂરિયાત જણાઈ હતી. રાજય પોલિસ દ્વારા 'સેઈફ એન્ડ સિકયોર ગુજરાત' એટલે કે 'સાસગુજ' પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેકટ અંતર્ગત રાજયના તમામ જિલ્લાના મુખ્ય મથકોને સીસીટીવી કેમેરાના કવરેજમાં આવરી લેવામાં આવી રહ્યા છે. ગાંધીનગરમાં પણ જે સ્થળોએ સીસીટીવી કેમેરા નથી તેનો સર્વે કરી આ પ્રકારના ૨૬ લોકેશન્સ ઓળખી કાઢવામાં આવ્યા છે. આ તમામ લોકેશન્સ પર કુલ મળીને ૨૧૪ સીસીટીવી કેમેરા લગાડવામાં આવી શકે છે. આમ સીસીટીવી કેમેરા લાગ્યાં પછી સમગ્ર ગાંધીનગરમાં થતી કોઈ પણ પ્રકારની આવનજાવન પર પોલિસની ચાંપતી બાજ નજર રહેશે. પોલિસની ચાંપતી નજર રાખવા માટે જિલ્લા પોલિસ વડા કચેરીની પાછળના ભાગે એક સર્વર રૂમ તૈયાર કરાઈ રહ્યો છે. આ સાથે એક મોનીટરીંગ સેલ દ્વારા સમગ્ર શહેરની હિલચાલ પર નજર રાખવામાં આવશે.

# ઓલ મિડિયા કાઉન્સિલ એવોર્ડથી ગુલાબચંદ પટેલનું સન્માન

ગાંધીનગર, તા.૭

ઓલ મિડિયા કાઉન્સિલ એવોર્ડથી શ્રી ગુલાબચંદ એન. પટેલનું મુંબઈના થાણે ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. ભૂતપર્વ મુખ્યમંત્રીશ્રી મુરલી મનોહર જોષી તેમજ ભગવાન ચૈતન્ય ઉજ્જૈનની ઉપસ્થિતિમાં મિડિયા કાઉન્સિલના પ્રમુખ શ્રી ગ્યાનેન્દ્ર વિશ્વકર્માજીના હસ્તે કવિ, લેખક, અનુવાદ, વ્યસન મુકિત અભિયાનના પ્રણેતા શ્રી ગુલાબચંદ એન. પટેલને એવોર્ડ એનાયત કરાયો હતો. શ્રી ગુલાબચંદ પટેલને ગાંધીનગર સાહિત્ય સભા તેમજ તંત્રીશ્રી વોઈસ ઓફ ગાંધીનગર દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# વિશ્વ મહિલા દિને મધુર ડેરી ખાતે મહિલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ સ્થિત મધુર ડેરી ખાતે વિશ્વ મહિલા દિવસ નિમિતે મધુર મહિલા ગૌરવદિન તરીકે વિશેષ ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મહિલા સંચાલિત દૂધ મંડળીઓના મહિલા આગેવાનો ખાસ ઉપસ્થિત રહેશે. સવારે ૧૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન મધુરે ડેરી ખાતે આયોજીત મહિલા ગૌરવદિનમાં મોટીસંખ્યામાં મહિલાઓ તેમજ ડેરીનો સ્ટાફ હાજર રહેશે.

સમગ્ર વિશ્વભરમાં મહિલા દિવસની દબદબાભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ગુજરાતમાં પણ વિવિધ સેવાકીય, સામાજીક તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા અવનવા કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરની સેકટર-૨૫ સ્થિત મધુર ડેરી ખાતે પણ વિશ્વ મહિલા દિન નિમિતે મધુર મહિલા ગૌરવ દિનની ઉજવણીનું અનોખુ આયોજન કરાયું છે. જેમાં ૨૫૦ દુધ મંડળીના મહિલા આગેવાન તેમજ મહિલા સંચાલિત દુધ મંડળીના ચેરમેન સહિત ડેરી સાથે સંકળાયેલ મહિલાઓનું મધુર મહિલા ગૌરવ દિન તરીકે સન્માન કરાશે. તેમજ મહિલાઓને મધુર ડેરી દ્વારા જે ઓટોમેટીક મિલ્ક કલેકશન સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે તેની પણ સવિશેષ માહિતી પુરી પાડવામાં આવશે. જેમાં કોણે કેટલું દુધ ડેરીમાં ભરાયું, દુધના કેટલા ફેટ આવ્યા, સહિતની માહિતી આ ઓનલાઈન સિસ્ટમ હેઠળ બેઠાબેઠા મેળવી શકાશે. આ કાર્યક્રમમાં મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા તેમજ અન્ય મહાનુભાવો સહિત મોટીસંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહેશે.

**ઈ-ટેન્ડર ટુંકી જાહેર નિવિદા નં. ૭ સને ૨૦૧૭-૧૮**
**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**(ફક્ત વિજળીકરણના કામના ઠેકેદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલા કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૨, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, ત્રીજો માળ, સેકટર-૧૬, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬ દ્વારા વિજળીકરણને લગતા ૧ (એક) કામની અંદાજીત કિંમતરૂ. ૧,૫૧,૨૪૭.૫૦ છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારો પાસેતી મંગાવવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૭/૩/૨૦૧૮થી જોવા મળશે અને તા. ૧૨/૩/૨૦૧૮ના ૧૨.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી.

માહિતી/૨૮૭૪/૧૭-૧૮

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**મહિલાઓએ ભરી વિકાસની ઊંચી ઉડાન**


**મહિલા કલ્યાણલક્ષી બજેટ**
**રૂા.૩૦૮૦ કરોડની ખાસ જોગવાઈ**

- વિશ્વ મહિલા દિનની ઉજવણી નિમિત્તે 'બેટી બચાવો, બેટી પઢાવો' થીમ ઉપર રાજ્યકક્ષા અને જિલ્લાકક્ષાએ મહિલા કલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન
- 'સ્ત્રી ભ્રૂણ હત્યા નાબુદી', 'બાળ અને માતા મૃત્યુદર ઘટાડવા' વિષયક જનજાગૃતિ કાર્યક્રમો
- તમામ આંગણવાડીઓમાં ૬ વર્ષ સુધીની વયના ૨૯.૩૧ લાખ બાળકો, ૧૨.૭૩ લાખ કિશોરીઓ અને ૭.૧૩ લાખ સગર્ભા અને ધાત્રીઓને મળશે પોષણક્ષમ આહાર: રૂા.૯૯૭ કરોડની જોગવાઈ
- પ્રધાનમંત્રી માતૃવંદના યોજના: પ્રથમ વખતની સગર્ભા અને ધાત્રીઓને મળશે રૂા.૫૦૦૦ સહાય: રૂા.૨૨૦ કરોડની જોગવાઈ
- ગરીબ વર્ગની કન્યાઓને વિનામૂલ્યે સાઈકલ: અનુસૂચિત જાતિની ૨૪,૦૦૦ તથા ઓ.બી.સી. અને આર્થિક રીતે નબળા વર્ગની ૧,૬૦,૦૦૦ કન્યાઓને મળશે મફત સાઈકલ: રૂા.૬૪ કરોડની જોગવાઈ
- કુંવરબાઈનું મામેરૂં યોજના: અનુસૂચિત જાતિની ૧૨,૦૦૦ તથા ઓ.બી.સી. અને આર્થિક રીતે નબળા વર્ગની ૧૮,૨૫૦ કન્યાઓને લગ્નપ્રસંગે મળશે સહાય: રૂા.૩૦ કરોડ ખર્ચાશે
- મહિલા શક્તિકેન્દ્ર, જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા પોલીસ વોલેન્ટિયર, જેન્ડર સ્ટડી સેન્ટર, પોલીસ બેઈઝ સપોર્ટ સેન્ટર માટે રૂા.૧૬ કરોડની જોગવાઈ
- વિદ્યાસાધના યોજના: અનુસૂચિત જનજાતિની ધો.૯માં ભણતી ૪૫,૦૦૦ બાળાઓને મળશે મફત સાઈકલ: રૂા. ૧૬ કરોડની જોગવાઈ
- વિધવા તાલીમ યોજના: ૧૮થી ૪૦ વર્ષની નિરાધાર વિધવા લાભાર્થીને તાલીમના અંતે રૂા.૫૦૦૦ની કિંમતની વ્યવસાય માટે કીટ આપવા રૂા.૧૩ કરોડની જોગવાઈ
- ૯૩૨૫૯ આંગણવાડી કાર્યકરો અને હેલ્પરો માટે રૂા.૫૦,૦૦૦ના જીવનવીમા કવચ માટે રૂા.૬ કરોડની જોગવાઈ

માહિતી ૨૦૧૭-૧૮ (૭૩)



**વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભકામનાઓ...**



**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ**
**રાજયકક્ષાનું મહિલા સંમેલન**
**તા.૮-૩-૨૦૧૮, સમય : બપોરે ૨-૦૦ કલાકે, સ્થળ : મહાત્મા મંદિર, ગાંધીનગર**



શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રી, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

મહિલાઓનું આર્થિક સશક્તિકરણ, સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે સરકારે અનેક પગલાં લીધા છે. - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત